GJNV020084032025

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૩ | ૦૭ | ૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | : | ૨૩ | ૦૭ | ૨૦૨૫ |
| ફેંસલ કર્યા તારીખ | : | ૨૩ | ૦૩ | ૨૦૨૬ |
| | | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | : | ૦૦ | ૦૮ | ૦૦ |

**નવસારીના મહે. બીજા એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. નવસારી.**

**ક્રિમીનલ કેસ નં. ૬૭૧૦/૨૦૨૫**
**આંક : ૧૪**

**ફરીયાદી** : શ્રી સ ર કા ર

**--વિરૂદ્ધ--**

**આરોપી** : **ભરતભાઈ વિઠ્ઠલભાઈ કાનાભાઈ પવાર**
ઉ.વ. : ૩૦, ધંધો : નોકરી,
હાલ રહેવાસી : જમકુબેન હરચંદભાઈ રાઠોડના મકાનમાં, સીતારામનગર, સિન્ધીકેમ્પ, નવસારી, તા.જી. નવસારી.
મૂળ રહેવાસી : ગોરમાટી, સેવાલાલ મંદીરની પાછળ, નંદુરાગામ, થાણા-કલબુર્ગી (ગુલબર્ગા), તા.જી. કલબુર્ગી (ગુલબર્ગા), કર્ણાટક.

**ગુનો :** બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબ...

ફરીયાદી તરફે વિ.એ.પી.પી. શ્રી આર. આર. ક્ષત્રિય

આરોપી તરફે વિ.વકીલશ્રી આર. ટી. શાહ

**-:: ચુકાદો ::-**

[૧] **ફરીયાદપક્ષની હકીકત :-** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વર્ષ-૨૦૨૫ ના ફેબ્રુઆરી માસના શરૂઆતથી તા.૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન આ કામના ફરીયાદીના

મોજે સ્નેહસાગર સોસાયટી, પારસી હોસ્પિટલની પાછળ, લુન્સીકુઈ, તા.જી. નવસારી ખાતે આવેલ મકાન નં. ૮૪/બી નું તાળું ચાવીથી ખોલી ઘરમાં પ્રવેશી, ઘરના બેડરૂમના કબાટમાનું લોકર ખોલી લોકરમાં મુકેલ સોનાના દાગીના (૧) પતંગીયાની ડીઝાઈનની પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ–૦૧ વજન ૨૦ ગ્રામ ૯૩૦ મીલીગ્રામ કિં. રૂા. ૨,૦૦,૦૦૦/– (૨) નાના ડાયમંડનું પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ–૦૧ વજન ૧૧ ગ્રામ ૯૮૦ મીલીગ્રામ કિં. રૂા. ૧,૧૬,૦૦૦/– (૩) સોનાની ચેન નંગ–૦૧ વજન ૦૬ ગ્રામ ૬૭૦ મિલીગ્રામ કિં. રૂા. ૧,૦૨,૯૦૦/– (૪) સોનાની બુટી નંગ–૦૧ જેનું વજન ૨ ગ્રામ ૪૬૦ મિલીગ્રામ કિં. રૂા. ૨૪,૧૪૮/– મળી કુલ સોનાના દાગીનાનું વજન ૫૨ ગ્રામ, ૪૫૦ મિલીગ્રામ જેની કુલ કિં. રૂા. ૫,૦૪,૪૪૮/– ના સોનાના દાગીનાની ચોરી કરી લઈ જઈ, બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનાં ગુન્હાનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩ હેઠળ ચાર્જશીટ દાખલ કરેલ છે.

**[૨] <u>અદાલતી કાર્યવાહી</u> :–** કથિત આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ બજવણી થતાં તેઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ અને તેમને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ મુજબ તપાસનાં કાગળોની નકલો વિનામુલ્યે પુરા પાડવામાં આવ્યા બાદ, આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી આંક–૦૬ થી ગુના અંગેનું નિવેદન (પ્લી) રેકર્ડ કરતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલો, જેથી કેસ પુરાવા પર રાખવામાં આવેલો.

**[૩] <u>ફરીયાદપક્ષનો પુરાવો</u>:–** આ કામે આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

| **–:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::–** | | |
|---|---|---|
| **ક્રમ** | **જુબાની આપનાર સાહેદની તેમજ દસ્તાવેજની વિગત** | **આંક** |
| ૧ | ફરીયાદી દિવ્યેશભાઈ જયંતીભાઈ પટેલની જુબાની | ૦૮ |
| ૨ | ફરીયાદ અસલ | ૦૯ |
| ૩ | સાહેદ ભાવિશા દિવ્યેશ પટેલની જુબાની | ૧૦ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧ |
| ૫ | કબજે કરેલ સોનાના દાગીના ઓળખ તથા આરોપીનું અટક પંચનામું | ૧૨ |

**[૪] <u>આરોપીનું વિશેષ નિવેદન</u>:–** સદર કેસમાં મહત્વના તમામ સાહેદોનો પુરાવો પુર્ણ થયા બાદ ફરીયાદપક્ષ તરફે ફરીયાદી દ્વારા વધુ પુરાવો આપવો નથી તથા તેમનો પુરાવો પુરો થયેલાની હકીકત આંક–૧૩ ની કલોઝીંગ પુરશીશથી જાહેર કર્યા બાદ, બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

**[૫] <u>પક્ષકારોની દલીલ</u> :–** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ અને આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવ્યા પછી પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

**(૫.૧) ફરીયાદપક્ષની દલીલ :–** ફરીયાદપક્ષ સરકાર તરફે વિ.એપીપીશ્રીએ પોતાની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ વર્ષ–૨૦૨૫ ના ફેબ્રુઆરી માસના શરૂઆતથી તા.૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન આ કામના ફરીયાદીના મોજે સ્નેહસાગર સોસાયટી, પારસી હોસ્પિટલની પાછળ, લુન્સીકુઈ, તા.જી. નવસારી ખાતે આવેલ મકાન નં. ૮૪/બી નું તાળું ચાવીથી ખોલી ઘરમાં પ્રવેશી, ઘરના બેડરૂમના કબાટમાનું લોકર ખોલી લોકરમાં મુકેલ સોનાના દાગીના (૧) પતંગીયાની ડીઝાઈનની પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ–૦૧ વજન ૨૦ ગ્રામ ૯૩૦ મીલીગ્રામ કિં.

રૂા. ૨,૦૦,૦૦૦/- (૨) નાના ડાયમંડનું પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ-૦૧ વજન ૧૧ ગ્રામ ૯૮૦ મીલીગ્રામ કિં. રૂા. ૧,૧૬,૦૦૦/- (૩) સોનાની ચેન નંગ-૦૧ વજન ૦૬ ગ્રામ ૬૭૦ મિલીગ્રામ કિં. રૂા. ૧,૦૨,૯૦૦/- (૪) સોનાની બુટી નંગ-૦૧ જેનું વજન ૨ ગ્રામ ૪૬૦ મિલીગ્રામ કિં. રૂા. ૨૪,૧૪૮/- મળી કુલ સોનાના દાગીનાનું વજન ૫૨ ગ્રામ, ૪૫૦ મિલીગ્રામ જેની કુલ કિં. રૂા. ૫,૦૪,૪૪૮/- ના સોનાના દાગીનાની ચોરી કરી લઈ ગયેલ અને ગુનો નોંધાયેલ જે બાબતે કેસની હકીકતને ફરીયાદી તથા સાહેદની જુબાનીથી પણ સમર્થન મળે છે. સદરી ફરીયાદીનો પુરાવો નહીં માનવાને કોઇ કારણ નથી. ફરીયાદી તથા સાહેદ ની જુબાનીથી કેસની હકીકતને સમર્થન મળેલ છે. આમ, ફરીયાદી તથા સાહેદની જુબાની સહિતના મૌખિક તેમજ દસ્તાવેજી પૂરાવાના આધારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ છે, જેથી મજકૂર આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબની મહત્તમ સજા થવી જોઇએ, તેવી વિનંતી ગુજારેલ છે.

**(૫.૨) બચાવપક્ષની દલીલ :-** બીજી બાજું, બચાવપક્ષ તરફે કથિત આરોપીના વિ.વકીલશ્રીએ પોતાની મૌખિક રજૂઆતમાં જણાવેલ છે કે, સદર કેસના સાહેદોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી આરોપી સામેનો કેસ સાબીત થતો નથી. સદર કેસના ફરીયાદપક્ષ દ્વારા અન્ય કોઇપણ સ્વતંત્ર સાહેદોને તપસેલા નથી, માત્ર આ કામના ફરીયાદી તથા સાહેદને જ સોગંદ ઉપર તપાસેલા છે. ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. ફરીયાદમાં પંચોના નામ-સરનામાં પણ જણાવેલ નથી. જેથી, ફરીયાદ શંકાશીલ બની જાય છે. સદર કેસમાં કહેવાતો બનાવ નજરે જોનાર કોઇ સાક્ષી નથી. કોઇ સ્વતંત્ર સાહેદો નથી. તેનાથી સ્પષ્ટ થાય છે કે, આવો કોઇ કહેવાતો બનાવ બનેલ નથી. હાલના કેસમાં કથિત આરોપીને સંડોવતો કોઇ સીધો કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, કથિત આરોપીને કસુરવાર સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. જેથી, મજકૂર આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી ગુજારેલ છે.

**[૬]** ફરીયાદીની ફરીયાદ હીકકત, રેકર્ડમાં રજુ થયેલા તમામ મૌખિક/દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષના કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ વર્ષ–૨૦૨૫ ના ફેબ્રુઆરી માસના શરૂઆતથી તા.૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન આ કામના ફરીયાદીના મોજે સ્નેહસાગર સોસાયટી, પારસી હોસ્પિટલની પાછળ, લુન્સીકુઈ, તા.જી. નવસારી ખાતે આવેલ મકાન નં. ૮૪/બી નું તાળું ચાવીથી ખોલી ઘરમાં પ્રવેશી, ઘરના બેડરૂમના કબાટમાનું લોકર ખોલી લોકરમાં મુકેલ સોનાના દાગીના (૧) પતંગીયાની ડીઝાઈનની પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ–૦૧ વજન ૨૦ ગ્રામ ૯૩૦ મીલીગ્રામ કિં. રૂા. ૨,૦૦,૦૦૦/– (૨) નાના ડાયમંડનું પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ–૦૧ વજન ૧૧ ગ્રામ ૯૮૦ મીલીગ્રામ કિં. રૂા. ૧,૧૬,૦૦૦/– (૩) સોનાની ચેન નંગ–૦૧ વજન ૦૬ ગ્રામ ૬૭૦ મિલીગ્રામ કિં. રૂા. ૧,૦૨,૯૦૦/– (૪) સોનાની બુટી નંગ–૦૧ જેનું વજન ૨ ગ્રામ ૪૬૦ મિલીગ્રામ કિં. રૂા. ૨૪,૧૪૮/– મળી કુલ સોનાના દાગીનાનું વજન પર ગ્રામ, ૪૫૦ મિલીગ્રામ જેની કુલ કિં. રૂા. ૫,૦૪,૪૪૮/– ના સોનાના દાગીનાની ચોરી કરી લઈ જઈ, બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**[૭]** પક્ષકારોની દલીલો, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

[૮] ફરીયાદની હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ તથા દલીલો ધ્યાનમાં લેતાં, ઉપરોકત મુદ્દાઓના જવાબ અંગેના મારા વિગતવારના કારણો તથા તારણો નીચે મુજબ છે.

**–:: <u>કારણો</u> ::–**

**મુદ્દા નં.૧ તથા ૨ ના કારણો :–**

**(૮.૧) <u>કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત</u> :–** ફોજદારી ન્યાયપ્રણાલીમાં ફરીયાદપક્ષે કથિત આરોપી સામેનું તહોમત તમામ શંકાથી પર નિ:શંકપણે સાબિત કરવાનું હોય છે. ટૂંકમાં, કથિત આરોપી દોષિત છે તેવું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષનો પુરાવો સીધો, સચોટ, સ્પષ્ટ અને વિશ્વસનીય હોવો જોઈએ. કથિત આરોપીને પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. બીજું કે, ન્યાયની પ્રક્રિયા અનુસરીને કથિત આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી કથિત આરોપી નિર્દોષ જ છે, તેવી ધારણા કરીને જ અદાલતોએ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે. સદર અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે સીધો, સચોટ, સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. પોતાનો કેસ સાબિત કરવામાં ફરીયાદપક્ષ ભુલ કે ચુક કરે અને એકાદ ખુટતી કડી જોડવાની રહી જાય તો તેનો સીધો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે. આવા સંજોગોમાં કથિત આરોપી દોષમુકિતનો કે શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ પણ સ્થળે વ્યાખ્યાયિત કરવામાં આવેલો નથી પરંતુ, ''પુરાવાનું મુલ્યાંકન'' માત્રને માત્ર ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં દર્શાવેલ PROV અને NOT PROV શબ્દો ઉપર અવલંબે છે. કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવું કે બિનઅસ્તિત્વ સાબિત માનવું, તે મુલ્યાંકનનો વિષય છે. આ પૃષ્ઠભૂમિકાના સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરી

ફરીયાદપક્ષ કથિત આરોપી સામેનો પોતાનો કેસ કે તહોમત નિ:શંકપણે સાબિત કે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે કેમ ?, તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

વધુમાં, ફોજદારી ન્યાયશાસ્ત્રતના સિધ્ધાંતો મુજબ મૌખિક પુરાવાને ત્રણ રીતે વર્ગીકૃત કરી શકાય.,(૧) સંપૂર્ણ વિશ્વાસપાત્ર, (૨) સંપૂર્ણ અવિશ્વસનીય અને (૩) સંપૂર્ણ વિશ્વાસપાત્ર પણ નહીં અને સંપૂર્ણપણે અવિશ્વસનીય પણ નહીં. કાયદાનો એવો કોઈ પ્રસ્થાપિત નિયમ નથી કે કોઈ સાક્ષીના પુરાવાને હંમેશા સમર્થન મળવું જ જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ સાક્ષીના પુરાવાને સાચો માનવા અથવા તેના પુરાવા ઉપર આધાર રાખીને આગળ વધવા માટે હંમેશા અન્ય સાક્ષીઓનું સમર્થન હોવું જ જોઈએ એવો સ્થાપિત નિયમ હોઈ શકે જ નહીં. સમર્થન એ કાયદાનો નહીં પરંતુ ડહાપણનો નિયમ છે. ભારતીય ન્યાયપ્રણાલિમાં સાક્ષીઓની સંખ્યા મહત્વની નથી પરંતુ પુરાવાની ગુણવત્તા મહત્વની છે અને તેથી જ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૩૪ જણાવે છે કે, કોઈ હકીકત પુરવાર કરવા માટે અમુક સંખ્યામાં સાક્ષીઓ હોવા જરૂરી નથી, પરંતુ કોઈ એક જ સાક્ષીના પુરાવાથી પણ હકીકત પુરવાર થઈ શકે છે.

**(૮.૨) <u>પુરાવાની છણાવટ અને મૂલ્યાંકન</u> :-** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. વધુમાં સદર કામે ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી તથા સાહેદને તપાસેલા છે. આ કામના આંક-૦૮ થી તપાસેલા ફરીયાદી દિવ્યેશભાઈ જયંતીભાઈ પટેલનાઓએ ચોરીનો બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સંબંધીના લગ્નમાંથી પરત આવી સોનાના દાગીના મુકેલા હતા તે દાગીનાઓ બહાર કાઢી જોતાં તેમાં એક નંગ સોનાની

ચેઈન વજન ૧૦ ગ્રામ તથા સોનાની ૨ નંગ (એક જોડી) બુટી વજન ૬ ગ્રામ તથા સોનાની એક નંગ બુટી વજન ૩ ગ્રામ જોવા મળેલ નહી જેથી તા.૦૪/૦૫/૨૦૨૫ તથા તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ જે સોનાના દાગીના નહી મળી આવેલ તે બાબતે તેમની પત્નીએ તેમને જાણ કરતા તેમણે ઘરમાં સોનાના દાગીનાઓ બાબતે તપાસ કરેલ પરંતુ મળી આવેલ નહીં અને શોધખોળ કરવા છતાં પણ મળી આવેલ નહીં જેથી કોઈ અજાણ્યા ચોર ઈસમે તા.૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન કોઈપણ રીતે તેમના ઘરમાં પ્રવેશી અને ઘરના બેડરૂમના કબાટનું લોકર ડુબ્લીકેટ ચાવી તથા અન્ય રીતે ખોલી લોકરમાં મુકેલા દાગીનાઓ ચોરી કરી ગયેલ છે. બનાવ બાબતે તેઓએ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ નવસારી પો.સ્ટે. ખાતે ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે તેમાં તેમની ફરીયાદી તરીકે સહી છે જે ઓળખી બતાવે છે જે આ કામે આંક–૦૯ થી રજુ છે. ત્યારબાદ પોલીસે ચોરી કરનાર ઈસમને પકડેલ ત્યારે પોલીસ સ્ટેશનમાં તેમને બોલાવેલા ત્યાં ચોરી કરનાર તે ઈસમ તેમનો ડ્રાઈવર ભરતભાઈ વિઠ્ઠલભાઈ પવાર હતો. આરોપીને જોયેથી ઓળખી શકે છે જે નામ. કોર્ટમાં હાજર નથી. જયારે સદર ફરીયાદીની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતો કબુલેલ છે કે, તેમના ખોવાઈ ગયેલા દાગીના પાછા મળેલ છે. કહેવાતો બનાવ નજરોનજર જોયેલ નથી. પોલીસના કહેવા પર તેઓને આરોપીની જાણ થયેલ. કહેવાતા દાગીના પરત મળી ગયેલ હોવાથી તેઓ સદર કેસ આગળ ચલાવવા માંગતા નથતી. આરોપી સાથે સમાધાન થયેલ છે. ઘરમાં દાગીના ન મળતાં તેમણે શંકાના આધારે પોલીસ ફરીયાદ કરેલ હતી.

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ ભાવિશા દિવ્યેશ પટેલનાઓએ તેમના સરતપાસના પુરાવામાં હાલનો ચોરીનો બનાવ બનેલ

હોવાની હકીકતને સમર્થન આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સંબંધીના લગ્નમાંથી પરત આવી સોનાના દાગીના મુકેલા હતા તે દાગીનાઓ બહાર કાઢી જોતાં તેમાં એક નંગ સોનાની ચેઈન વજન ૧૦ ગ્રામ તથા સોનાની ૨ નંગ (એક જોડી) બુટી વજન ૬ ગ્રામ તથા સોનાની એક નંગ બુટી વજન ૩ ગ્રામ જોવા મળેલ નહી જેથી તા.૦૪/૦૫/૨૦૨૫ તથા તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ જે સોનાના દાગીના નહી મળી આવેલ તે બાબતે તેમના પતિને તેમણે જાણ કરતા ઘરમાં સોનાના દાગીનાઓ બાબતે તપાસ કરેલ પરંતુ મળી આવેલ નહીં અને શોધખોળ કરવા છતાં પણ મળી આવેલ નહીં જેથી કોઈ અજાણ્યા ચોર ઈસમે તા.૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન કોઈપણ રીતે તેમના ઘરમાં પ્રવેશી અને ઘરના બેડરૂમના કબાટનું લોકર ડુબ્લીકેટ ચાવી તથા અન્ય રીતે ખોલી લોકરમાં મુકેલા દાગીનાઓ ચોરી કરી ગયેલ છે. બનાવ બાબતે તેઓએ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ નવસારી પો.સ્ટે. ખાતે ફરીયાદ આપેલી. પોલીસે ચોરી થયેલા દાગીના કબજે કરેલા જે તેઓએ કોર્ટમાં અરજી કરી છોડાવી લીધેલ છે. આ બનાવ બાબતે તેમને અને તેમના પતિને કોઈ તર–તકરાર રહેલી નથી. જેથી સદર કેસ તેઓ આગળ ચલાવવા માંગતા નથી. જ્યારે સદર સાહેદની બચાવપક્ષ તરફે કોઈ ઉલટતપાસ લેવામાં આવેલ નથી. આમ, ફરીયાદી તથા સાહેદે પોતાનાં પુરાવામાં કહેવાતા હાલનાં ચોરીનાં બનાવમાં હાલનાં આરોપીએ જ ચોરી કરેલ હોય તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો આપેલ નથી.

(૮.૩) વધુમાં ફરીયાદપક્ષે હાલના કામે આંક–૧૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૨ થી કબજે કરેલ સોનાના દાગીના ઓળખ તથા આરોપીનું અટક પંચનામું રજુ કરેલ છે પરંતુ સદર પંચનામાંના સમર્થનમાં ફરીયાદપક્ષે કોઈ પંચ સાહેદને સોગંદ ઉપર તપાસેલા ન હોય, સીધા પુરાવાની

ગેરહાજરીમાં ઉપરોકત પંચનામાં સાબિત થયેલા માની શકાય તેમ નથી. જેથી ઉપરોકત પંચનામાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેમ જણાતું નથી. આમ, હાલના ચોરીના બનાવમાં આ કામના આરોપીએ જ હાલની ચોરી કરેલાની હકીકત સંદર્ભે બનાવની હકીકત સિવાય અન્ય કોઈ ઠોસ પુરાવો રજુ રાખેલ નથી.

**[૯] <u>નિષ્કર્ષ</u> :–** સદર કેસમાં આરોપી સામે બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો ગુનો સાબિત કરવાનો છે. બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) ની જોગવાઈ મુજબ ફરીયાદપક્ષે એ હકીકત સાબિત કરવાની છે કે, આ કામના આરોપીએ વર્ષ–૨૦૨૫ ના ફેબ્રુઆરી માસના શરૂઆતથી તા.૦૯/૦૫/૨૦૨૫ દરમિયાન આ કામના ફરીયાદીના મોજે સ્નેહસાગર સોસાયટી, પારસી હોસ્પિટલની પાછળ, લુન્સીકુઈ, તા.જી. નવસારી ખાતે આવેલ મકાન નં. ૮૪/બી નું તાળું ચાવીથી ખોલી ઘરમાં પ્રવેશી, ઘરના બેડરૂમના કબાટમાનું લોકર ખોલી લોકરમાં મુકેલ સોનાના દાગીના (૧) પતંગીયાની ડીઝાઈનની પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ–૦૧ વજન ૨૦ ગ્રામ ૯૩૦ મીલીગ્રામ કિં. રૂા. ૨,૦૦,૦૦૦/– (૨) નાના ડાયમંડનું પેન્ડલવાળું સોનાનું મંગળસુત્ર નંગ–૦૧ વજન ૧૧ ગ્રામ ૯૮૦ મીલીગ્રામ કિં. રૂા. ૧,૧૬,૦૦૦/– (૩) સોનાની ચેન નંગ–૦૧ વજન ૦૬ ગ્રામ ૬૭૦ મિલીગ્રામ કિં. રૂા. ૧,૦૨,૯૦૦/– (૪) સોનાની બુટી નંગ–૦૧ જેનું વજન ૨ ગ્રામ ૪૬૦ મિલીગ્રામ કિં. રૂા. ૨૪,૧૪૮/– મળી કુલ સોનાના દાગીનાનું વજન ૫૨ ગ્રામ, ૪૫૦ મિલીગ્રામ જેની કુલ કિં. રૂા. ૫,૦૪,૪૪૮/– ના સોનાના દાગીનાની ચોરી કરી લઈ ગયેલ તેના અનુસંધાનમાં ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતાં આ કામે ફરીયાદી તથા સાહેદને જ તપાસેલા છે. ફરીયાદીને ચોરી કોણે કરેલી તેની તેમને ખબર

નથી. જયારે ફરીયાદી તથા સાહેદ ધ્વારા પણ હાલનાં આરોપી વિરૂધ્ધ કોઈ ઠોસ પુરાવો રજુ રાખેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ જે ચોરીનો બનાવ બનેલો તે ચોરી હાલના આરોપીએ જ કરેલી હતી તે હકીકત સાબિત થયેલી માની શકાય તેમ નથી. આ ઉપરાંત નામ. સર્વોચ્ચ અદાલતે અનેક કેસોમાં ઠરાવેલ છે કે, જયારે કોઈપણ કેસમાં બે પરિસ્થિતી ઉભી થાય એટલે કે આરોપીને દોષિત ઠરાવી શકાય અને આરોપીને નિર્દોષ પણ ઠરાવી શકાય તેમ હોય તેવા સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવવાનો અભિગમ અપનાવવો જોઈએ. આમ, હાલના કેસમાં રજુ થયેલ તમામ પુરાવાઓના આધારે આરોપી સામે બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) નાં આવશ્યક તત્વો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. આમ, આરોપીએ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી નથી. જેથી, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધની હકીકતોનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** આપીને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

[૧] આથી કથિત આરોપી – **ભરતભાઈ વિઠ્ઠલભાઈ કાનાભાઈ પવાર,** ઉ.વ. : ૩૦, ધંધો : નોકરી, હાલ રહેવાસી : જમકુબેન હરચંદભાઈ રાઠોડના મકાનમાં, સીતારામનગર, સિન્ધીકેમ્પ, નવસારી, તા.જી. નવસારી. મૂળ રહેવાસી : ગોરમાટી, સેવાલાલ મંદીરની પાછળ, નંદુરાગામ, થાણા–કલબુર્ગી (ગુલબર્ગા), તા.જી. કલબુર્ગી (ગુલબર્ગા), કર્ણાટકનાઓને પુરાવાના અભાવે બી.એન.એસ. ૨૦૨૩

ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૧(૧) ની જોગવાઈ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

[૨] સદર કામે મુદ્દામાલ પાવતી નં. ૮૬/૨૦૨૫ થી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ સોનાના દાગીનાઓ અંગે થયેલ વચગાળાનો હુકમ આથી કાયમી સ્વરૂપનો રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે તથા અન્ય બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

[૩] આરોપીએ અગાઉ આપેલ જૂના જામીનખત હુકમની તારીખથી છ(૬) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને સમય પુરો થયેથી જામીન આપોઆપ રદ્દ થશે.

હુકમ આજ તા. ૨૩[મી] માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : નવસારી.
તા.૨૩/૦૩/૨૦૨૬.

**(અમજદખાન ચાંદખાન મલેક)**
બીજા અધિક ચીફ જ્યુડી. મેજી.,
નવસારી. GJ-01131